**ચૂંટણી અગત્યનું**
**તાત્કાલિક**

નં./મતય/પ્રચાર-પ્રસાર/ખાસ ઝુંબેશ/વશી ૧૪ /૨૦૧૮
મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને
મામલતદાર જલાલપોરની કચેરી,
નવસારી. તા. ૧૬/૦૧/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નવસારી
તાલુકા શિક્ષણાધિકારીશ્રી (પ્રાથમિક વિભાગ),
તા. જલાલપોર, જિ. નવસારી

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી. શાખા
નવસારી જિલ્લો,નવસારી
આવક નંબર ૨૦૧
તારીખ ૧૯/૧/૧૮
હેડ ક્લાર્ક
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
નવસારી

**વિષય :- મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ -૨૦૧૮ પ્રચાર-પ્રસાર-જાગૃતિ માટે આયોજન કરી તેમજ ખાસ ઝુંબેશનાં દિવસે શાળાનાં મતદાન મથકોનાં રૂમો ખુલ્લા રખાવવા બાબત.**

જયભારત સહ સવિનય જણાવવાનું કે, ભારતનાં ચૂંટણી પંચનાં આદેશાનુસાર તા. ૦૧/૦૧/૨૦૧૮ની લાયકાતની તારીખનાં સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા માટેનો કાર્યક્રમ તા. ૨૨/૦૧/૨૦૧૮ થી તા. ૧૨/૦૨/૨૦૧૮ દરમ્યાન જાહેર કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૦૧/૦૧/૨૦૧૮ની લાયકાતની તારીખ સંદર્ભે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય (તા. ૦૧/૦૧/૨૦૦૦ અથવા તે અગાઉ જન્મેલા) તેવા લાયક યુવા નાગરિકોનાં નામોની નોંધણી કરાવવા, મરણ અને સ્થળાંતરનાં કિસ્સામાં નામો કમી કરાવવા તેમજ મતદારયાદીમાં રહેલ ક્ષતિઓ સુધારવા વિગેરેની કાર્યવાહી કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમનો શાળાનાં બાળકો/શૈક્ષણિક સ્ટાફ મારફત તેઓનાં કુટુંબીજનો, પડોશીઓ તથા તેઓના રહેઠાંણના વિસ્તારનાં લોકોને જાણકારી મળે તે માટે પર્યાપ્ત પ્રચાર-પ્રસાર-જાગૃતિ માટે આયોજન કરવા તેમજ **તા.૨૮/૦૧/૨૦૧૮, અને તા.૦૪/૦૨/૨૦૧૮ને રવિવારનાં રોજ શાળાનાં મતદાન મથકે** ખાસ ઝુંબેશનાં દિવસોએ બીએલઓ તરફથી સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજનાં ૫.૦૦ વાગ્યા સુધી મતદારયાદી માટેનાં ફોર્મ્સ લેવાનું નક્કી કરવામાં આવેલ છે. તો તે દિવસોએ આપની શાળાનાં મતદાન મથકનાં રૂમો ખુલ્લા રખાવવા સંબંધિત આચાર્યશ્રીઓને સુચના અપાય જવા વિનંતી છે.

મદદનીશ મતદાર નોંધણી અધિકારી
૧૭૪-જલાલપોર વિ.સ.મ.વિ અને
મામલતદાર જલાલપોર

શાખાને જાણ
ફાઈલે
૧૯.૧.૧૮

નકલ સવિનય રવાના :- મ. મતદાર નોંધણી અધિકારી,૧૭૪-જલાલપોર વિધાનસભા મતવિભાગ અને નાયબ કલેકટર સાહેબ(નવી જગ્યા નં-૧) નવસારી તરફ જાણ સારુ.

Scanned by CamScanner